(5)

રાજ્યની બિનસરકારી અનુદાનિત ગ્રામવિદ્યાપીઠો/જી.બી.ટી.સી. સંસ્થાઓના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની લાયકાતો નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંકઃ- ગઉશ/૨૦૧૭/૧૦૦/ખ-૧

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૫/૦૭/૨૦૧૭

સંદર્ભઃ- (૧) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી ની ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૪/૧૨/૧૯૮૭ના પત્ર ક્રમાંકઃ- ઉબક/૯/૧/ગવપ/૮૭-૮૮/૬/૨૨૬૦૨-૬૧૩ ગ્રામસેવા મહાવિદ્યાલય સેવકો માટેની લાયકાત વેતન અને ભરતીના ધોરણો.

(૨) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૧/૧૯૯૩ના ઠરાવ ક્રમાંકઃ- ગઉશ/૧૦૯૨/૪૬૮૩/બ થી લોકભારતી, સણોસરાના ગ્રામવિદ્યા અનુસ્નાતક કેન્દ્ર (એમ.આર.એસ.)ની નિયત થયેલ લાયકાતો

(૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની તા.૦૬/૦૫/૨૦૧૭ની દરખાસ્ત ક્રમાંકઃ- કગટ/ગ્રા.વિ./લાયકાત/૨૦૧૭/૭૪૪૯.

ઠરાવઃ-

ઉપર સંદર્ભ-(૧) માં દર્શાવેલ તા.૦૪/૧૨/૧૯૮૭ના ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના તાબા હેઠળની રાજ્યની ગ્રામવિદ્યાપીઠો અને જી.બી.ટી.સી. સંસ્થાઓના શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની લાયકાત, વેતન અને ભરતીના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે તથા સંદર્ભ-(૨) માં જણાવેલ તા.૨૨/૦૧/૧૯૯૩ના ઠરાવથી નિયત થયેલ લાયકાતો અમલમાં છે. જેમાં હાલના પ્રવર્તમાન સમય અનુસાર અને રાજ્યની યુનિવર્સિટીઓ સાથે સંલગ્નતા ધરાવતી ગ્રામવિદ્યાપીઠો અને જી.બી.ટી.સી. સંસ્થાઓના કાર્યક્ષેત્રને ધ્યાનમાં રાખીને તમામ ગ્રામવિદ્યાપીઠો/જી.બી.ટી.સી. સંસ્થાઓમાં નિમણૂક પામતા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની શૈક્ષણિક લાયકાત અંગેના ધોરણો નક્કી કરવા અંગે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના વડપણ હેઠળ મળેલી સમીતિએ રાજ્ય સરકારને સવર્ગવાર શૈક્ષણિક લાયકાતો

અને અનુભવ સુધારવા માટે કરેલ ભલામણ અન્વયે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ સંદર્ભ-(૨) માં દર્શાવેલા તા.૦૬/૦૫/૨૦૧૭ના પત્રથી રાજ્ય સરકારને દરખાસ્ત કરી હતી.

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના તાબા હેઠળની રાજ્યની યુનિવર્સિટી સંલગ્ન તમામ ગ્રામવિદ્યાપીઠો અને જી.બી.ટી.સી. સંસ્થાઓમાં શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓની ભરતી માટે નીચે મુજબ શૈક્ષણિક લાયકાત અને અનુભવના ધોરણો આથી અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

બી.આર.એસ. અભ્યાસક્રમ

ક્રમ	જગ્યાનું નામ	શૈક્ષણિક લાયકાત અને અનુભવ
૧	આચાર્ય	કોઇપણ વિદ્યાશાખામાં અનુસ્નાતક ૫૫ ટકા ગુણ, ગ્રામ ઉચ્ચ શિક્ષણમાં અધ્યાપક તરીકે ૧૦ વર્ષનો અનુભવ અને પી.એચ.ડી. અથવા ગ્રામ ઉચ્ચ શિક્ષણમાં અધ્યાપક તરીકે ૨૦ વર્ષનો અનુભવ
	અધ્યાપક	
૧	કૃષિ અધ્યાપક	એમ.એસ.સી.(એગ્રી.) ૫૫ ટકા ગુણ/ એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ
૨	વિસ્તરણ અધ્યાપક	એમ.એસ.સી.(એગ્રી.) ૫૫ ટકા ગુણ/ એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ એમ.એસ.ડબલ્યુ ૫૫ ટકા ગુણ
૩	રસાયણ અધ્યાપક	એમ.એસ.સી.(એગ્રી.) ૫૫ ટકા ગુણ એમ.એસ.સી.(કેમેસ્ટ્રી) ૫૫ ટકા ગુણ એમ.એસ.સી. ૫૫ ટકા ગુણ (બાયોટેક/જીનેટીક્સ(માઇક્રોબાયોલોજી)
૪	પશુપાલન અધ્યાપક	એમ.વી.એસ.સી એન્ડ એ.એચ. ૫૫ ટકા ગુણ, એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ
૫	બાગાયત અધ્યાપક	એમ.એસ.સી.(એગ્રી.) ૫૫ ટકા ગુણ/ એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ
૬	ભાષા અધ્યાપક	એમ.એ. ૫૫ ટકા ગુણ, (ગુજરાતી/અંગ્રેજી/હિન્દી)
૭	માનવ વિદ્યા અધ્યાપક	એમ.એ. ૫૫ ટકા ગુણ/ એમ.એસ.સી. ૫૫ ટકા ગુણ (અર્થશાસ્ત્ર/ઇતિહાસ/સમાજશાસ્ત્ર/રાજનીતિ/ ગાંધીવિચાર/હોમ સાયન્સ/ પર્યાવરણ શાસ્ત્ર)
૮	કોમ્પ્યુટર અધ્યાપક	એમ.સી.એ. ૫૫ ટકા ગુણ એમ.ઇ. (કોમ્પ્યુટર) ૫૫ ટકા ગુણ



અધ્યાપક (એમ.આર.એસ.)

ક્રમ	જગ્યાનું નામ	શૈક્ષણિક લાયકાત અને અનુભવ
૧	કૃષિ અધ્યાપક	એમ.એસ.સી.(એગ્રી.) ૫૫ ટકા ગુણ/ એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ તથા પી.એચ.ડી. અથવા ગ્રામ ઉચ્ચ શિક્ષણમાં અધ્યાપક તરીકે ૫ વર્ષનો અનુભવ
૨	વિસ્તરણ અધ્યાપક	એમ.એસ.સી.(એગ્રી.) ૫૫ ટકા ગુણ/ એમ.આર.એસ. ૫૫ ટકા ગુણ એમ.એસ.ડબલ્યુ ૫૫ ટકા ગુણ તથા પી.એચ.ડી. અથવા ગ્રામ ઉચ્ચ શિક્ષણમાં અધ્યાપક તરીકે ૫ વર્ષનો અનુભવ
૩	પશુપાલન અધ્યાપક	એમ.વી.એસ.સી એન્ડ એ.એચ. ૫૫ ટકા ગુણ/એમ.આર.એસ ૫૫ ટકા ગુણ તથા પી.એચ.ડી. અથવા ગ્રામ ઉચ્ચ શિક્ષણમાં અધ્યાપક તરીકે ૫ વર્ષનો અનુભવ
૪	માનવ વિદ્યા અધ્યાપક	એમ.એ. ૫૫ ટકા ગુણ/ એમ.એસ.સી. ૫૫ ટકા ગુણ (અર્થશાસ્ત્ર/ઇતિહાસ/સમાજશાસ્ત્ર/રાજનીતિ/ ગાંધીવિચાર હોમ સાયન્સ/ પર્યાવરણ શાસ્ત્ર) પી.એચ.ડી. અથવા ગ્રામ ઉચ્ચ શિક્ષણમાં અધ્યાપક તરીકે ૫ વર્ષનો અનુભવ

બિન શૈક્ષણિક જગ્યાઓ

ક્રમ	જગ્યાનું નામ	શૈક્ષણિક લાયકાત અને અનુભવ
૧	સંશોધન મદદનીશ	બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી.(એગ્રી.)પ્રથમ વર્ગ
૨	ગ્રંથપાલ	સ્નાતક અને બી.લીબ. પ્રથમ વર્ગ, એમ.લીબ.ને પ્રથમ પસંદગી
૩	ગૃહપતિ	સ્નાતક- બી.આર.એસ.ને પ્રથમ પસંદગી
૪	ગૃહમાતા	મહિલા સ્નાતક-બી.આર.એસ.ને પ્રથમ પસંદગી
૫	શ્રમ સંયોજક	બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી.(એગ્રી.)પ્રથમ વર્ગ
૬	સ્ટોકમેન	બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા સ્ટોકમેન પ્રમાણપત્ર સાથે બી.આર.એસ.
૭	હિસાબનીશ	એમ.બી.એ. અથવા એમ.સી.એ. અથવા એમ.કોમ. અથવા એમ.એસ.સી. (ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર) અથવા એમ.એ. (આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ગણિતશાસ્ત્ર) અથવા બી.બી.એ./બી.સી.એ./બી.કોમ./ બી.એસ.સી. (ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર) બી.એ. (આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ગણિતશાસ્ત્ર) ની બીજા વર્ગની પદવી અથવા સમકક્ષ શૈક્ષણિક લાયકાત તેમજ (૧) સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેઝીક નોલેજનું

વલસાડ જિલ્લા પંચાયત ધરમપુર સંચાલિત ધરમપુર (૩૬૬૦૫૦) જિ. વલસાડ

		કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ. વિકલ્પે (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. (૩) ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. ટેલી એકાઉન્ટીંગના જાણકારને પસંદગીમાં અગ્રતા
૮	સિનીયર ક્લાર્ક	માન્ય યુનિવર્સિટીના સ્નાતક તેમજ (૧) સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેઝીક નોલેજનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ. વિકલ્પે (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. (૩) ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. ટેલી એકાઉન્ટીંગના જાણકારને પસંદગીમાં અગ્રતા
૯	જુનીયર ક્લાર્ક	ધોરણ-૧૨ (એચ.એચ.સી.) પાસ તેમજ (૧) સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક:- સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ મુજબ કોમ્પ્યુટર બેઝીક નોલેજનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ. વિકલ્પે (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ. (૩) ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇએ.
૧૦	પટાવાળા	ધોરણ- ૭ પાસ
૧૧	ચોકીદાર	ધોરણ- ૭ પાસ, ચોકીકામની લાયકાત વાળા સશક્ત
૧૨	માળી	ધોરણ- ૭ પાસ, બાગકામના અનુભવી

જી.બી.ટી.સી. સંસ્થાઓ

ક્રમ	જગ્યાનું નામ	શૈક્ષણિક લાયકાત અને અનુભવ
૧	આચાર્ય	એન.સી.ટી.ઇ.ના નોર્મ્સ મુજબની જરૂરી લાયકાત, અનુસ્નાતક ૫૫ ટકા, એમ.એડ.૫૫ ટકા તેમજ પી.એચ.ડી. જી.બી.ટી.સી.ના અધ્યાપક તરીકે ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ



૨	અધ્યાપક	એન.સી.ટી.ઇ.ના નોર્મ્સ મુજબની જરૂરી લાયકાત. અનુસ્નાતક
૩	ઉદ્યોગ શિક્ષક	મુખ્ય ઉદ્યોગના ઉપયોગવાળી લાયકાત ધરાવતા તાલીમી શિક્ષક

ઉપરોક્ત લાયકાત અને અનુભવના ધોરણોનો અમલ આ ઠરાવની રવાનગીની તારીખથી કરવાનો રહેશે. તદઅનુસાર ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે આગળની આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઉપરોક્ત હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૩૦/૦૬/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
સરકારના નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક : કગટ/ગ્રા.વિ./૨૦૧૭/
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં. ૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. /૦૭/૨૦૧૭.

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી
તમામ ગ્રામવિદ્યાપીઠો તથા જી.બી.ટી.સી. સંસ્થાઓ

તા. ૦૫/૦૭/૨૦૧૭ ના ઠરાવનો અમલ તથા જાણ સારૂ

વનસેવા મહાવિદ્યાલય.બીલપુડી
આવક - ૩૪
આ.તા. ૧૩/૦૭/૧૭
સહી.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા., ગાંધીનગર

વનસેવા મહાવિદ્યાલય બીલપુડી
ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત
વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન
તા. ધરમપુર, (૩૯૬૦૫૦) જિ. વલસાડ